સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે
ઉન્નતવર્ગ ( CREAMY LAYER.)પ્રમાણપત્ર
બાબત સ્પષ્ટતાઓ.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ-સશપ/૧૪૯૯/મ.૧૫/અ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૮-૬-૧૯૯૯.

વંચાણે લીધાઃ-(૧) સમાજ કલ્યાણ વિભાગનાં તા.૧-૧૧-૯૫નો ઠરાવ ક્રમાંકઃ-સશપ-૧૧૯૪-ખા.૧૦૬/અ.

પરિપત્રઃ-

રાજયમાં સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગોને ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ તથા સરકારી નોકરીઓ માટે ૨૭ ટકા અનામતનું ધોરણ રાખવામાં આવેલ છે. આ હેતુસર પછાત વર્ગના ઉમેદવારોને સરકારના સ્થાયી હુકમો અનુસાર જરુરી પ્રમાણપત્રો રજૂ કરવા પડે છે. આ સંદર્ભમાં કેન્દ્ર સરકારની નીતિને અનુરુપ રાજય સરકારે પણ તા.૧/૧૧/૯૫ના ઠરાવથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ પૈકી ઉન્નત વર્ગોને (CREAMY LAYER ) અનામતતના લાભોમાંથી બાકાત કરવા માટેના માપદંડો જાહેર કરેલ છે. ભારત સરકારના ધોરણે નકકી કરાયેલા માપદંડો અંગેની સૂચનાઓ સ્વયંસ્પષ્ટ હોવા છતાં એક અથવા બીજા કારણોસર આ જોગવાઈઓના અર્થઘટનમાં કેટલીક સ્પષ્ટતાઓ કરવાની રજૂઆતો સરકાર સમક્ષ થતી રહી છે. કેન્દ્ર સરકારના ધોરણે નકકી કરાયેલ ઉન્નત વર્ગોને લગતી આ નીતિનો યોગ્ય રીતે અમલ થઈ શકે તે હેતુથી આ જોગવાઈઓને અનુલક્ષીને નીચે મુજબ સ્પષ્ટતાઓ કરવામાં આવે છે.

સ્પષ્ટતાઓ.

(૧) વિભાગનાં તા.૧/૧૧/૯૫ના ઠરાવ સાથેના પરિશિષ્ટમાં જે છ જેટલી વિવિધ કક્ષાઓ નકકી કરેલછે. તે જોગવાઇઓ મુજબ જે ઉમેદવારે નોકરી કે અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવાનોછે તેના માતા-પિતાની આવક કે હોદ્દાને ધ્યાને લેવાનો રહે છે. બીજા શબ્દોમાં,ઉન્નત વર્ગોમાં વ્યકિતનો સમાવેશ થાય છે કે નહીં તે માટે તેના માતા/પિતાનો દરજ્જો (STATUS OF PARENTS)/આવક લક્ષમાં લેવાના હોય છે;ઉમેદવારની પોતાની આવક કે હોદ્દાને ધ્યાને લેવાનો નથી.

જે કિસ્સામાં માતાપિતા બન્ને હયાત ન હોય અને તે કારણસર ધંધા વ્યવસાય કે નોકરીની આવક અંગેના કોઈ આધાર ન હોય તેવા કિસ્સાનો ઉન્નતવર્ગમાં સમાવેશ થશે નહીં.તેમ છતાં આવા કિસ્સાઓમાં પ્રમાણપત્ર આપતાં પહેલાં પરિશિષ્ટની કક્ષા-રની જોગવાઈને અનુલક્ષીને આવા મૃત્યુની કમનસીબ ઘટના બને તે પહેલાં પતિ કે પત્નિ પૈકી કોઈ એક સંયુકત રાષ્ટ્ર, આંતરરાષ્ટ્રીય નાણાંનિધિ કે વિશ્વબેન્ક જેવા કોઈ આંતરરાષ્ટ્રીય સંગઠનમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ માટે રોજગારનો લાભ લીધો છે કે કેમ ? તેની સ્પષ્ટ ખરાઈ કરવાની રહેશે.

૨/- કેન્દ્રીય/રાજય સેવાના અને જાહેર ક્ષેત્ર કે ખાનગી રોજગાર ક્ષેત્ર હેઠળના અધિકારીઓ સંદર્ભમાં નકકી કરાયેલ સેવા કક્ષા અંગેના માપદંડ(૨)ની જોગવાઈઓ અંગે નીચે મુજબની સ્પષ્ટતા કરવામાં આવે છે.:-

(અ) જો પતિ અને પત્નિ બન્ને અથવા તે પૈકી કોઈપણ એક વર્ગ-૧ના અધિકારી તરીકે સીધી ભરતીથી નિમાયેલા હોય તેવા કિસ્સાઓનો સમાવેશ ઉન્નતવર્ગમાં થશે.

(બ) તે જ રીતે પતિ-પત્નિ બન્ને સીધી ભરતીના વર્ગ-૨ના અધિકારી તરીકે નિમાયેલા હોય તો તેઓનો ઉન્નતવર્ગમાં સમાવેશ થાય છે.આ પૈકી જો કોઈ એક નું પણ મૃત્યુ થાય તો તે પછી તેમનો ઉન્નત વર્ગમાં સમાવેશ થશે નહીં. તે જ રીતે પતિ-પત્નિ પૈકી કોઈ એકજ વ્યકિત વર્ગ-૨ના અધિકારી( સીધી ભરતી અથવા બઢતી ગમે તે રીતે) હશે તો પણ તેમનો સમાવેશ ઉન્નતવર્ગમાં થશે નહીં.

(ક) તે જ રીતે પતિ-પત્નિ બન્ને જો બઢતીથી વર્ગ-૨ માં નિમાયેલા હોય તો તેમનો ઉન્નતવર્ગમાં સમાવેશ થશે નહીં.

(ડ) પરંતુ જો પતિ( MALE OFFICER ) સીધી ભરતી કે બઢતીથી વર્ગ-૨માં નિમાયેલા હોય તો પણ તેવા વર્ગ-૨ના અધિકારી ૪૦ વર્ષની ઉંમર કે તે પહેલાં વર્ગ-૧ માં બઢતી પામે તો તેવા કિસ્સાનો સમાવેશ ઉન્નતવર્ગમાં થશે. વર્ગ-૧માં બઢતીની આ જોગવાઈ મહીલા અધિકારીના ( FEMAL/OFFICER )ના કિસ્સામાં લાગુ પડશે નહિ.

૩/- આવક/સંપતિના માપદંડો અંગે તા.૧/૧૧/૯૫ના ઉપર ઉલ્લેખાયેલ ઠરાવના પરિશિષ્ટમાં કક્ષા-૬માં વિગતે સ્પષ્ટતા કરવામાં આવી છે. તે મુજબ

(અ) પરિશિષ્ટમાં દર્શાવેલ કક્ષા-૧, ૨, ૩, અને ૫(ક)માં સમાવિષ્ટ થતી વ્યકિતઓનો માત્ર તેમના વિશિષ્ટ હોદ્દા કે દરજ્જાને લીધે આપોઆપ ઉન્નતવર્ગમાં સમાવેશ થાય છે. આ સિવાયની કક્ષા-૪,(વ્યવસાયીકવર્ગ),કક્ષા-૫(ખ) કોફી-ચા વગેરેના બગીચા ધારકો કક્ષા-૫(ગ) શહેરી વિસ્તારોમાં જમીન મકાન ધારકો)ને આવક/સંપતિનો આ માપદંડ કક્ષા-૬ મુજબ) લાગુ પડશે.

(બ) આવક/સંપતિના કક્ષા-૬ના આ માપદંડ મુજબ જે વ્યકિતની સતત છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષની ( CONSECUTNE THREE YEARS )વાર્ષિક આવક વર્ષદીઠ રૂ.૧.૦૦લાખથી વધી જતી હોય તેવા કિસ્સાઓનો સમાવેશ ઉન્નતવર્ગમાં થશે. આ માટે છેલ્લા ત્રણ વર્ષની આવકોની સરેરાશની ગણતરી કરવી નહિ, પરંતુ વર્ષદીઠ આવક ધ્યાનમાં લેવી.

(ક) જો કોઈપણ વ્યકિતનો પરિશિષ્ટમાં દર્શાવેલ વિવિધ કક્ષાઓ હેઠળ ઉન્નતવર્ગમાં સમાવેશ થતો ન હોય પરંતુ તેવી વ્યકિતની પગાર કે કૃષિ વિષયક જમીનમાંથી થતી આવક ઉમેર્યા વગરની -અન્ય સ્ત્રોતમાંથી મળતી છેલ્લા ત્રણવર્ષોની વર્ષદીઠ કુલ વાર્ષિક આવક ( GROSS ANNUAL INCOME )રૂ.૧.૦૦લાખથી વધતી હોય અથવા તેઓ સંપત્તિવેરા અધિનિયમ હેઠળ નિયત કરેલ મુકિત મર્યાદાથી વધુ સંપત્તિ ધરાવતી હોય તેવી વ્યકિતઓનો સમાવેશ આવક/સંપત્તિના આ માપદંડ હેઠળ ઉન્નતવર્ગમાં કરવાનો થશે.

// ૩ //

૪/- આ વિભાગના તા.૧-૧૧-૯૫ના ઠરાવમાં કરાયેલી જોગવાઈઓને અનુલક્ષીને ઉન્નતવર્ગ પ્રમાણપત્ર આપવા બાબતમાં નિયત કરાયેલ સક્ષમ અધિકારીઓએ ઉપર્યુકત સ્પષ્ટતાઓ ધ્યાનમાં લઈને પ્રમાણપત્ર મેળવવા માટે નિયત નમુનાના અરજીપત્રકમાં રજુ થયેલ વિગતોને આધારે પ્રમાણપત્રો આપવાની કાર્યવાહી કરવી અને સબંધકર્તા જીલ્લા કલેકટરશ્રીઓને તથા તેમની હસ્તકના સક્ષમ સત્તાઅધિકારીઓને સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને પ્રમાણપત્રો મેળવવામાં અપ્રસ્તુત માહીતી કે પૂરાવાનો આગ્રહ ન રખાય અને સરળતાથી પ્રમાણપત્રો ઉપલબ્ધ થાય તે જોવા વિનંતી કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પી. એમ. પટેલ. )
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
- રાજયપાલશ્રીના સચિવશ્રી,
મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી,
તમામ મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રી/નાયબ મંત્રીશ્રી/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી,
સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સચિવાલયના તમામ વહીવટી વભાગો.
-અન્ય પછાત વર્ગો માટેનું પંચ, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવશ્રી, તકેદારી આયોગ.
નિયામકશ્રી, વિકાસતી જાતિ કલ્યાણ ખાતું, જુના સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
સમાજ કલ્યાણ વિભાગ હેઠળના તમામ અધિકારીઓ/ખાતાના વડાઓ/બોર્ડો/નિગમો.
તમામ જીલ્લા કલેકટરશ્રીઓ.
તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
તમામ ખાતાના વડાઓ.
તમામ મામલતદારશ્રીઓ./ તમામ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિકસતી જાતિ)
સમાજ કલ્યાણ વિભાગની તમામ શાખાઓ.
પસંદગી ફાઈલ. / પત્ર ધ્વારા.
------------